# માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટર (આઈસીએઆર), આ.કૃ.યુ., આણંદ દ્વારા શિડ્યુલ કાસ્ટ સબ-પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિર તથા કીટ વિતરણનું આયોજન

---

માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટર (આઈસીએઆર), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ગુરૂવાર, તા.૦૯.૦૩.૨૦૨૩ના રોજ કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો કેમ્પસ ખાતે શિડ્યુલ ક્લાસ સબ-પ્લાન યોજનામાં પ્રથમ હરોળ નિદર્શન અંતર્ગત અનુસુચિત જાતિના ખેડૂતો માટે "ગૌણ તથા સૂક્ષ્મતત્વોની ખેતીમાં અગત્યતા" વિષય પર "ખેડૂત શિબિર" નું આયોજન માન. કુલપતિશ્રી, આકૃયુ, આણંદ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ સારી ગુણવત્તાવાળુ પાક ઉત્પાદન પ્રાપ્ત કરવા ખેતીમાં સૂક્ષ્મ અને ગૌણ પોષકતત્વોનો ઉપયોગ કરવા માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવા તેમજ ખેતી વિષયક કીટનું વિતરણ કરવાનો હતો.

સદર ખેડૂત શિબિરમાં માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટરના સહસંશોધન વૈજ્ઞાનિક તથા વડાશ્રી, ડૉ. કે. સી. પટેલ દ્વારા ખેડૂતોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનની સાથે સારી ઉપજ મેળવવા માટે સૂક્ષ્મ અને ગૌણ પોષકતત્વોનો ઉપયોગ કરવા માટે સમજાવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત, તેઓએ જમીનમાં માઈક્રોન્યૂટ્રિયન્ટની વધતી જતી ઊણપ અને ખાતરના યોગ્ય અને સંતુલિત વ્યવસ્થાપન વિશે પણ માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ડૉ. વી. પી. રામાણી, આચાર્યશ્રી, કૃષિ મહાવિધાલય, આ.કૃ.યુ., વસો દ્વારા માઈક્રોન્યૂટ્રિયન્ટનું માનવ સમૂદાયમાં મહત્વ, જમીનમાં માઈક્રોન્યૂટ્રિયન્ટની વધતી જતી ઊણપ અને ખાતરના યોગ્ય અને સંતુલિત વ્યવસ્થાપન વિશે માહિતી આપી હતી તથા તેઓએ જમીનનું પૃથક્કરણ કરાવવા વિશેષ ભાર આપેલ.

આ ખેડૂત શિબિરમાં આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ-૨૦૨૩ ઉજવણી અંતર્ગત શ્રી સી. બી. પંડ્યા, રિસર્ચ એસોસિએટ દ્વારા ગુણવત્તાસભર હલ્કા ધાન્ય પાકોમાં સૂક્ષ્મતત્વોની ઉપયોગિતા વિશે માહિતી આપવામાં આવેલ. સદર કાર્યક્રમમાં શ્રી રવિ પટેલ, રિસર્ચ એસોસિએટ દ્વારા કીટમાં આપવામાં આવેલ ખેતી વિષયક વિવિધ ઈનપુટ જેવા કે સ્પ્રેયર પંપ, એન.પી.કે. બાયોકન્સોર્ટિયમ જૈવિક પ્રવાહી, મલ્ટી- માઈક્રોન્યૂટ્રિયન્ટ મિક્ષર ગ્રેડ-૫ ખાતર, સલ્ફરયુક્ત ખાતર, જંતુનાશક દવા, માઈક્રોન્યૂટ્રિયન્ટ પુસ્તીકા અને પોકેટ ડાયરીના ઉપયોગ સબંધિત જાણકારી પુરી પાડવામાં આવેલ. આ શિબિરમાં અંદાજે ૫૦ ખેડૂતો તથા વૈજ્ઞાનિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# <u>કાર્યક્રમની ઝાંખીઓ</u>















